# બનાસકાંઠા જિલ્લામાં સૂરજદાદાનો આકરો તાપ અઠવાડીયામાં ૩૮ થી ૪૧ ડીગ્રી સુધીનું તાપમાન નોંધાયું

ડીસા, તા. ૪

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયામાં ગરમીનો પ્રકોપ વર્તાતા પ્રજાજનો ત્રાહિમામ પોકારી ગયા છે. તેમાંય બપોરના સમયે સમગ્ર ધરા પર અંગારા વરરસતા હોય તેવો માહોલ ઉભો થાય છે. ગરમીના સામ્રાજ્યથી બચવા લોકો તરહ તરહના નુસખા અજમાવી રહ્યા છે.

ડીસા સહિત બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયાથી સૂરજદાદા અંગારા વરસાવતા હોય તેમ ધરતી અંગારાની જેમ ધખધખી ઉઠે છે. સવારે ૯ વાગ્યાથી શરૂ થતી ગરમીનું તાંડવ મોડી રાત સુધી યથાવત રહે છે. ડીસામાં આજે ૪૧ ડીગ્રી તાપમાન નોંધાવા પામ્યું હતું. છેલ્લા એક અઠવાડિયાથી ૩૮ થી ૪૧ ડીગ્રી ઉપર તાપમાન સરેરાશ વર્તાઈ રહ્યું છે. ગરમીથી બચવા માટે લોકો બપોરના સમયે ઘરોમાં પુરાયેલા રહે છે. જાહેર માર્ગો પર લોકોની ચહલપહલ ઓછી થઈ જાય છે. તેમાંય છેલ્લા ત્રણેક દિવસથી બપોરના સુમારે ગરમ લુ ફૂંકાવા લાગી છે. જેના કારણે મુસાફરી કરવાનું પણ મુશ્કેલ બને છે. અને બપોરના ટાઈમે લોકો મુસાફરી કરવાનું પણ ટાળી રહ્યા છે. બરફગોળા સ્ટોલ, શેરડી અને જ્યુસ સેન્ટર તથા લસ્સી-સોડા સેન્ટરો મોડી રાત સુધી લોકોની ભીડ જોવા મળે છે. બજારમાં મોડીરાત સુધી લોકો ગરમી સામે રાહત મેળવવા નિકળી પડે છે. દિવસ રાત પંખા એસી એરકુલર જેવા સાધનો ચાલુ રહે છે. હાલમાં ૪૧ ડીગ્રી વચ્ચે પણ જો આવી હાલત હોય તો પાછળના દિવસોમાં શું થશે ? તેવી ચિંતા લોકોને સતાવી રહી છે.

# નીતા અંબાણી પરિવારજનો સાથે મા અંબાજીના દર્શને : સોનાની ચેન અને ૧ લાખ રોકડ દાન



આજે રિયાલન્સ પરિવારના મુકેશ અંબાણીના ધર્મપત્ની નિતા અંબાણી જગત જનની મા જગદંબાના દર્શનાર્થે બનાસકાંઠાના યાત્રાધામ અંબાજી ખાતે આવી પહોંચ્યા હતા.

તેમની સાથે તેમની માતા પૂર્ણિમાબેન અને તેમની બહેન પણ અત્રે આવ્યા હતા. આજે બપોરે અંબાજી ખાતે સાડા બારે પહોંચતા સ્થાનિક વહીવટી તંત્ર અને વહીવટદાર મહેશ જોષીએ સ્વાગત કર્યા બાદ સીધા જ મા આદ્યશક્તિના દર્શન માટે ગર્ભગૃહ તરફ રવાના થયા હતા. જ્યાં શાસ્ત્રોક્ત વિધિથી માની પૂજા અર્ચના કરી હતી. ત્યારે માતાજીના દર્શન કર્યા બાદ માતાજીનને સોનાની ચેન ચઢાવી હતી અને ભંડારામાં ગુપ્તદાન પેટીમાં પાંચ બંધ કવર પણ મૂક્યા હતા. ત્યારબાદ મંદિરની ગાદી ઉપર ભટ્ટજી મહારાજ જોડે પૂજન - દર્શન કરી રૂ. ૧ લાખ રોકડ દાન કર્યું હતું. ત્યારબાદ તેઓ સીધા જ ગબ્બર પર માના ગોખના દર્શન કરવા રવાના થયા હતા.

આ અંગે નિતા અંબાણીએ પત્રકારો સમક્ષ વાતચીત કરવાનો ઈન્કાર કર્યો હતો. પરંતુ હાલમાં ચાલી રહેલી આઈપીએલમાં તેમની ટીમના વિજય બાદ તથા તેમની મુંબઈ ઈન્ડિયન્સ ચેમ્પિયન બને તે અંગે માતાજીને પ્રાર્થના કરવા આવ્યા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# હિંમતનગરમાં સોનોગ્રાફી રજીસ્ટ્રેશન રદ કરવાનો હૂકમ રદ : તબીબ દ્વારા એફ ફોર્મ ભરવામાં આવ્યું ન હતું

હિંમતનગર, તા. ૪

પી.સી.એન્ડ પીએનડીટી એક્ટ ડીસ્ટ્રીક્ટ ઓથોરીટી દ્વારા હિંમતનગરમાં સોનોગ્રાફી સેન્ટરનું રજિસ્ટ્રેશન એફ. ફોર્મ નહી ભરવાના મુદ્દે રદ કરવામાં આવ્યા બાદ સ્ટેટ ઓથોરીટી સમક્ષ અપીલ કરાતા આ સોનોગ્રાફી સેન્ટરનું રજિસ્ટ્રેશન રદ કરવાના હૂકમને રદ કરવામાં આવ્યો છે.

આ સંદર્ભે વિગતવાર માહિતી પ્રમાણે હિંમતનગરમાં કાર્યરત ડૉ. જયેશ વોરાના સોનોગ્રાફી એક્સરે ક્લીનીક ખાતે ગત તા. ૫-૧૦-૨૦૧૧ના રોજ જિલ્લાના જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં એક મહિલાના ગર્ભનું પરિક્ષણ કર્યા બાદ એફ ફોર્મ આપ્યું ન હોવાનું ખુલવા પામ્યું હતું. જેથી સત્તાવાળાઓએ સોનોગ્રાફી મશીનને સીલ કરી દઈને કાર્યવાહી હાથ ધરવામાં આવ્યા બાદ પીસીએન પી.એન.ડીટી એક્ટ જિલ્લા એપ્રો ઓથોરીટીને સમગ્ર અહેવાલ સુપ્રત કરવામાં આવ્યો હતો અને જિલ્લા કમિટિ દ્વારા તબીબને સાંભળ્યા બાદ સોનોગ્રાફી સેન્ટરનું રજિસ્ટ્રેશન રદ કરી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ નિર્ણયને સ્ટેટ એપ્રો ઓથોરીટી સમક્ષ પડકારવામાં આવતા તબીબ દ્વારા રજૂઆત કરાઈ હતી કે આ કિસ્સામાં ભ્રૂણ પરીક્ષણ કરવામાં આવ્યું નથી. મહિલા લોબર એલ્ડોમનમાં દુખાવાની ફરિયાદ સાથે આવી હતી અને ફર્ધર ઈન્વીસ્ટીગેશનમાં આઠેક માસનો મૃત ગર્ભ હોવાનું જણાતા મહિલાની જિંદગીનો પ્રશ્ન હોઈ તેને રીફીર કરવા તબીબ પાસે પરત જવા સલાહ આપવામાં આવી હતી જે પરત નહી આવતા શરત ચુકથી એફ ફોર્મ ભરવાનું રહી ગયું હતું. તેમજ ૮ સપ્તાહના ગર્ભનું લિંગ નક્કી ન થઈ શકતુ હોવાના કારણે પણ શરત ચૂકનો લાભ આપવા અરજ ગુજારાઈ હતી. ગૌરાંગ શાહ સહિત ત્રણેક સભ્યોની બનેલી સ્ટેટ એપ્રો. ઓથોરીટી દ્વારા તબીબના જવાબોનું તથા મેડીકલ તથ્યોને નજર સમક્ષ રાખીને ભવિષ્યમાં ફરીથી એફ ફોર્મ સહિતના કાયદાકીય બાબતોનું ઉલ્લંઘન ન થાય તેવું તબીબ પાસેથી સોગંદનામુ લઈ જિલ્લા એપ્રો ઓથોરીટી દ્વારા સોનોગ્રાફી સેન્ટરનું રજિસ્ટ્રેશન રદ કરવાના કરેલા હૂકમને રદ કરવાનો હૂકમ કરવામાં આવ્યો હતો.

## પાલનપુરમાં પીવાના પાણીના સંપનું પાલિકા દ્વારા ખાતમુહૂર્ત

પાલનપુર, તા. ૪

પાલનપુરની ભાજપ શાસિત પાલિકા દ્વારા જનસુખાકારીના પગલાં રૂપે હરિપુરામાં પીવાના પાણીનો પાંચ લાખ લીટર ક્ષમતા વાળા સંપનું ખાતમુહૂર્ત કરાયું હતું. પાલિકા પ્રમુખ હર્ષાબેન અશોકભાઈ મહેશ્વરીના હર્તે પૂજનવિધિ બાદ ખામુહૂર્ત કરવામાં આવેલ. અત્રે ધારાસભ્ય ગોવિંદ માધવ પ્રજાપતિ, ડૉ. કે. એસ. મોગરા, પાણી પુરવઠા ચેરમેન વિજય જોષી, અનિલ ચક્રવર્તી, હસમુખ પઢીયાર, તુલસીભાઈ, ગીરીશ પરમાર, સાગર પરમાર સહિત પાલિકાનો સ્ટાફ અને સ્થાનિક લોકો હાજર રહ્યા હતા.

# સાબરકાંઠાના બે તાલુકા વિકાસ અધિકારી અને એક ચીટનીશની બદલી

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠા જિલ્લામાં વહીવટીતંત્ર કૃષિ મહોત્સવની તૈયારીઓમાં વ્યસ્ત બન્યું છે. ત્યારે હિંમતનગર, બાયડ અને જિલ્લા પંચાયતના દબાણ સેલના ચીટનીશની શુક્રવારે એકાએક બદલી કરી દેવાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી માહિતી અનુસાર જિલ્લામાં ૬ મે થી કૃષી મહોત્સવનો પ્રારંભ થનારો છે. ત્યારે જિલ્લાના પાટનગર ગણાતા હિંમતનગર તાલુકાના તાલુકા વિકાસ અધિકારી વસંત સોલંકીની શુક્રવારે એકાએક બદલી વિજાપુર તાલુકાના વિકાસ અધિકારી તરીકે કરવામાં આવી છે. તે જ પ્રમાણે બાયડ તાલુકા વિકાસ અધિકારી આઈ.એ. ભાથીજીની અમરેલી જિલ્લાના સાવરકુંડલાના તુલાકા વિકાસ અધિકારી તરીકે બદલી કરાઈ છે. તે જ પ્રમાણે જિલ્લા પંચાયતના દબાણ સેલમાં ફરજ બજાવતાં મનીષાબેન પટેલને મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાના વિકાસ અધિકારી તરીકેની બદલી કરવામાં આવી હતી. હિંમતનગર તાલુકાના તાલુકા વિકાસ અધિકારી તરીકે વિજાપુરના તાલુકા વિકાસ અધિકારી જી.એચ. પ્રજાપતિને નિયુક્ત કરવામાં આવ્યા છે.

કૃષિ મહોત્સવ પૂર્વે હિંમતનગર, બાયડ તાલુકા વિકાસ અધિકારીની એકાએક બદલી કરવાના નિર્ણયની જાણ થતા તાલુકા પંચાયતના કર્મચારીઓમાં આ મુદ્દો ચર્ચાની એરણે ચઢ્યો છે.

## દાહોદના કોંગી મહિલા સાંસદ સાથે પોલીસના દુર્વ્યહાર સામે પાલનપુરમાં કોંગ્રેસ દ્વારા ઉગ્ર દેખાવો

પાલનપુર, તા. ૪

ગુજરાતના સ્થાપના દિને દાહોદ ખાતે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રમોદીની ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમમાં ભાગ લેવા જતાં સ્થાનિક સંસદસભ્ય કોંગ્રેસના પ્રભાબેન તાવીયાડ સાથે સ્થાનિક પોલીસ દ્વારા ભારે દમન કરાયું હતું. તે સંદર્ભે દિલ્હી ખાતે લોકસભામાં ઉગ્ર રજૂઆત બાદ કેન્દ્ર સરકાર દ્વારા અને વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજે પણ આ અંગે ગુજરાતના મુખ્યમંત્રી સાથે વાત કરશે તેમ કહેલ. તે સંદર્ભે આજે બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુર ખાતે બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ દ્વારા ઉગ્ર દેખાવો કરાયાં હતા. પથિકાશ્રમ પાસે આજે મહિલા કોંગી પ્રમુખ નયનબેન પઢીયાર, કૈલાસબેન ઠાકોર, અંકીતા ઠાકોર, લલીત પરમાર સહિત કાર્યકર્તાઓએ ઉગ્ર દેખાવો કર્યા હતાં. રાજ્ય સરકાર દ્વારા પ્રભાબેન ઉપર કરવામાં આવેલ અત્યાચાર સંદર્ભે ઉગ્ર સૂત્રોચ્ચાર કરી કલેક્ટર કચેરીએ પહોંચી આ નિંદનીય કૃત્ય કરનાર સામે આકરાં પગલાં ભરવા માંગ કરી હતી.

# નગરપાલિકા દ્વારા સુનિયોજીત વિકાસ માટે અમલી બનાવેલી ટીપી સ્કીમ નં-૩ ને ગ્રહણ લાગ્યું

હિંમતનગર, તા. ૪

હિંમતનગર નગરપાલિકા દ્વારા શહેરના સુનિયોજીત વિકાસ માટે અમલી બનાવેલી ટીપી સ્કીમની કામગીરી શરૂ થઈ હતી જ ત્યાં ટીપી સ્કીમ નં. ૩ અને ૪ના બે મિલ્કત માલિકોએ ટીપી સ્કીમને હાઈકોર્ટમાં પડકારી હતી. જેમાં ટીપી સ્કીમ નં. ૩માં હાઈકોર્ટે સ્ટે આપ્યા બાદ પાલિકાએ સ્ટે ઉઠાવી લેવા કરેલી રજૂઆત અંતર્ગત શુક્રવારે હાથ ધરાયેલી સુનાવણીમાં કોર્ટે રાજ્ય સરકારને જવાબ રજૂ કરવા જણાવ્યું હતું. જ્યારે ટીપી સ્કીમ નં. ૪માં પાલિકાના વકીલે અરજદારના કેસ પુરતી આગળ કોઈ કામગીરી નહી થાય તેવી મૌખિક બાંહેધરી આપી હતી. જેમાં કોર્ટે વધુ સુનાવણી માટે તા. ૯ મેની મુદત આપી છે. આમ ટીપી સ્કીમ નં. ૩માં સ્ટે નહી ઉઠતા ટીપી યોજનાને ગ્રહણ લાગી ગયું છે અને તેના ભવિષ્ય પર પ્રશ્નાર્થ મુકાઈ ગયું છે.

હિંમતનગર નગરપાલિકા દ્વારા ભવિષ્યની વસતિ અને વિકાસને ધ્યાનમાં રાખીને ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૨, ૩ અને ૪ અમલમાં મુકવા કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં ડ્રાફટ સ્કીમને રાજ્ય સરકારની મંજુરી મળ્યા બાદ પ્રથમ તબક્કામાં રસ્તા પહોળા કરવાની કામગીરી પાલિકાએ હાથ ધરી હતી. તે અન્વયે સહકારી જીન રોડ અને ગાયત્રી મંદિર રોડ પરના ૧૫૦ થી વધુ મિલ્કતધારકોને રસ્તા પૈકીની જમીન ખુલ્લી કરવા નોટિસ આપવામાં આવી હતી. ત્યારબાદ આ બંને માર્ગો પર પાલિકાએ રસ્તાની જમીન જગ્યા ખુલ્લી કરવા દુકાનો અને મકાનો પર હથોડા અને બુલડોઝર ચલાવ્યા હતા. અનેક દુકાનદારોની રોજીરોટી પર અસર થઈ હતી તેમજ મકાનોને વ્યાપક નુકશાન થતાં પ્રજામાં તંત્રની કામગીરી સામે રોષ વ્યાપ્યો હતો.

દરમિયાન ટીપી સ્કીમ નં. ૪માં સમાવિષ્ટ મિલ્કતધારક હર્ષાબેન અશોકભાઈ શાહે પાલિકા દ્વારા અપાયેલી નોટિસને હાઈકોર્ટમાં પડકારી હતી. આ કેસ ન્યાયાધિશ અભિલાષકુમારીની કોર્ટમાં ચાલ્યો હતો. જેમાં ફરિયાદી પક્ષના વકીલ મનીષભાઈ શાહે મુખ્ય નગર નિયોજક તેમજ પ્રવર નગર નિયોજક કચેરી તરફથી અપાયેલા અભિપ્રાયને કોર્ટમાં રજૂ કર્યો હતો. ત્યારબાદ કોર્ટ દ્વારા આગળની સુનાવણી માટે તા. ૪ મેની મુદત આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે શુક્રવારે હાઈકોર્ટમાં હાથ ધરાયેલી સુનાવણી બાદ પાલિકાના સત્તાધીશોમાં સોપો પડી ગયો હતો.

ટીપી સ્કીમ નં. ૪ અંતર્ગત આવતા મિલ્કત માલિક હર્ષાબેન શાહના કેસની સુનાવણી શુક્રવારે હાઈકોર્ટમાં ન્યાયાધિશ અભિલાષાકુમારી સમક્ષ થઈ હતી. જો કે સતત બીજી મુદતમાં પણ પાલિકાના વકીલે ફરિયાદીએ માગેલી દાદ અંગેનો જવાબ કોર્ટમાં રજૂ કર્યો ન હતો. પરંતુ કોર્ટમાં એવી મૌખિક બાંહેધરી આપી હતી કે હર્ષાબેનના કેસમાં નગરપાલિકા આગળ કોઈ કાર્યવાહી નહી કરે. જેથી બાદમાં કોર્ટ દ્વારા આ કેસની વધુ સુનાવણી માટે તા. ૯ મેની મુદત આપવામાં આવી હતી.

હિંમતનગરના ટીપી સ્કીમ નં. ૩ માં આવતા મિલ્કત માલિક નરેશકુમાર રણછોડભાઈ પટેલે પણ હાઈકોર્ટમાં સ્પેશ્યલ સિવિલ એપ્લીકેશન દાખલ કરીને ટીપી-૩ની કામગીરી બંધ કરાવવા દાદ માગી હતી. જેમાં હાઈકોર્ટ દ્વારા ટીપી સ્કીમ નં. ૩ પર સ્ટે આપી દેવામાં આવ્યો હતો. જેના પગલે પાલિકાની કામગીરી પર મોટો ફટકો પડ્યો હતો. દરમિયાન નગરપાલિકાના વકીલ તરફથી આ સ્ટે ઉઠાવી લેવા માટે એફીડેવીટ તેમજ એપ્લીકેશન કોર્ટમાં દાખલ કરી હતી. જેમાં પાલિકાના વકીલ તરફથી એવી દલીલ કરવામાં આવી હતી કે જો કોઈ મિલ્કત માલિકને વાંધો હોય તો તેમની રજૂઆત સાંભળવા માટે ટાઉન પ્લાનીંગ ઓફિસરની નિમણૂંક કરવામાં આવી છે. તેથી આખી ટીપી સ્કીમ નં. ૩ ન અટવાય તે માટે સ્ટે દૂર કરવા રજૂઆત કરી હતી. પરંતુ કોર્ટે આ અંગે કોઈ ચુકાદો ન આપતાં ટીપી સ્કીમ નં. ૩ પરનો સ્ટે યથાવત રહ્યો છે.

ટીપી સ્કીમ નં. ૩ પરથી સ્ટે ઉઠાવી લેવા માટે પાલિકાના વકીલે કરેલી રજૂઆત બાદ કોર્ટે જણાવ્યું હતું કે ટીપીની ડ્રાફટ સ્કીમને રાજ્ય સરકારે મંજૂરી આપી છે. જેથઈ અરજદારે કરેલી અરજી અંગેનો જવાબ રાજ્ય સરકારે હાઈકોર્ટ સમક્ષ રજૂ કરવો જોઈએ. હાઈકોર્ટે નગરપાલિકાની રજૂઆતને ધ્યાનમાં લીધી હતી. પરંતુ ટીપી સ્કીમ નં. ૩ પરથી સ્ટે ઉઠાવી લેવા અંગે કોઈ ચૂકાદો આપ્યો ન હતો. હવે રાજ્ય સરકાર તરફથી હાઈકોર્ટમાં રજૂ થનારા જવાબ અને રજૂઆત પર અરજદાર સહિત નગરજનોની મીટ મંડાઈ છે. આ કેસની આગામી સુનાવણી માટે કોર્ટે તા. ૧૪મી જૂનની મુદત આપી છે. ટીપી સ્કીમનું ભવિષ્ય હાલ પુરતુ અધ્ધરતાલ બની ગયું છે.

# ગંભીરપુરા પાસે માર્ગ અકસ્માત થતાં ચારને ગંભીર ઈજાઓ

હિંમતનગર, તા. ૪

હિંમતનગર-ઈડર માર્ગ પર આવેલા ગંભીરપુરાના વળાંક પાસે શુક્રવારે જીપ અને કાર વચ્ચે અકસ્માત થતાં ચાર જણાને ગંભીર ઈજા થઈ હતી. અકસ્માતમાં ઘવાયેલા ચારેય જણાને સારવાર માટે હિંમતનગર સિવિલમાં લવાયા હતા. જ્યાં એકની હાલત ગંભીર જણાતાં તેને વધુ સારવાર માટે અમદાવાદ ખસેડાયા હતા. બનાવ અંગે ઈડર પોલીસે ગુનો નોંધી ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ શુક્રવારે સવારે એસ્ટીમ કાર નં. જીજે-૧-એચ.ઈ-૫૪૧૪ માં ત્રણ જણા બેસી ગંભીરપુરા થઈ ઈડરના રાણી તળાવમાં નાહવા માટે આવ્યા હતા. ત્યાંથી તેઓ પરત જતા હતા ત્યારે ગંભીરપુરાના વળાંક નજીકથી પસાર થતાં હતા ત્યારે સામેથી આવતી જીપ નં. જીજે-૨-એ.પી.-૨૯૯૧ ના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરતા જીપને એસ્ટીમ સાથે અથડાવી દીધી હતી. જેના કારણે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. ત્યારબાદ આ અકસ્માતમાં ઘવાયેલા ચાર જણાને સારવાર માટે તાબડતોબ ઈડર સિવિલમાં લઈ જવાયા હતા. જ્યાંથી ચારેયને વધુ સારવાર માટે હિંમતનગર સિવિલમાં ખસેડાયા હતા. જ્યાં એક જણની હાલત ગંભીર જણાતાં તેમને અમદાવાદ ખસેડાયા હતા. ઉલ્લેખનીય છે કે ગંભીરપુરા પાસેનો વળાંક ખૂબ જ અટપટો હોવાને કારણે અહીં અવાર-નવાર અકસ્માત થાય છે. જેથી સંલગ્ન તંત્ર દ્વારા સ્પીડ બ્રેકર મુકવાની માંગ તીવ્ર બની છે. અકસ્માત અંગે ઈડર પોલીસે ગુનો નોંધી ઘટતી કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ અકસ્માતમાં ઘવાયેલા એક ઈસમ રાજસ્થાનના ઉદેપુર જિલ્લામાં પોલીસ ખાતામાં ફરજ બજાવે છે. ઉપરાંત બીજો એક અકસ્માત ગંભીરપુરા લિંભોઈ માર્ગ પર થયો હતો. જેમાં જશીબેન ચંદભાઈ નામની મહિલા કામ અર્થે ગંભીરપુરા જઈ રહ્યા હતા ત્યારે જામરેલા કંપાના મહેશકુમાર ભગવાનદાસ પટેલે બાઈક નં. જીજે-૯-પી-એ. ૬૫ સાથે જશીબેનને અથડાવી દેતાં તેણી ઘવાયા હતા. જેથી તેમને સારવાર માટે ઈડર સિવિલમાં લવાયા હતા. બનાવ અંગે રામાજી સવાજી ચૌહાણે બાઈક ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

## ઈજાગ્રસ્તોની યાદી

મહંમદ ફરિયાદ સતારખાન મકરાણી (ઉં.વ.૩૦ રહે. ઉદેપુર, જી. રાજસ્થાન), (પોલીસ કર્મચારી), સાદીક ગનીભાઈ મકરાણી (ઉં.વ.૨૦, રહે. ઉદેપુર,જી. રાજસ્થાન), અસલમ અબ્દુલમીયા મકરાણી (રહે. ગંભીરપુરા,તા. ઈડર), સુરેશભાઈ સોજાજી કટારા (ઉં.વ.૩૫, રહે. નવાગામ, તા. વિજયનગર)

# ડીસા પાલિકાનું વીજ જોડાણ કપાયું

ડીસા, તા.૪

ડીસા નગરપાલિકાના બાકી બીલ અંગે ઉત્તર ગુજરાત વીજ કંપની ડીસા દ્વારા વારંવાર લેખિત નોટીસો આપવા છતાં બીલની રકમ નહીં ભરતા વીજ કંપનીની ટીમે આજે એક બોર અને ડીસા નગરપાલિકાની કચેરીનું કનેકશન કાપી દેતા કાળઝાળ ગરમી વચ્ચે કર્મચારીઓને ગરમીમાં શેકાવું પડયું હતું.

ડીસા નગરપાલિકા દ્વારા વર્ષોથી બીજ બીલના નાણા નહીં ભરાતા આ રકમ ૧૬.૨૫ કરોડને આંબી જવા પામી છે આટલી મોટી રકમ ભરવા માટે નગરપાલિકા દ્વારા છેલ્લા સમયથી આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. આ રકમ રિકવર કરવ માટે ગાઉ પણ જીઈબીએ વીજ કનેકશન કાપી દેવાના નગરપાલિકાને અલ્ટીમેટ અપાઈ ચુકયા છે. પરંતુ નાણાં ભરી દેવાની બાંહેધરી અને નગરપાલિકાના સત્તાધીશોની મધ્યસ્થી બાદ મામલો થાળે પાડવામાં આવ્યો હતો. જો કે આ રકમ હજુ સુધી ભરાઈ નથી એટલે જીઈબીના અધિકારીઓએ આજે દોનિવાડા કોલોની સામેનો બોર અને નગરપાલિકા કચેરીનું વીજ કનેકશન કાપી દીધું હતું. નગરપાલિકાના કર્મચારીઓને ગરમીમાં શેકાવું પડયું હતું. કમ્પ્યુટર સિસ્ટમ સહિતની ઈલેકટ્રીક વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. જીઈબીની લાલ આંખથી સત્તાધીશોમાં દોડધામ મચી જવા પામી હતી.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ફર્નિચર ભાડે મળશે
ફ્રીજ, ટી.વી., સોફાસેટ, ડાઈનીંગ ટેબલ, તિજોરી, કોમ્પ્યુટર ટેબલ, એ.સી., વગેરે ઘર વપરાશનું તેમજ ઓફીસનું ફર્નિચર ભાડે મળશે.
મો. : ૯૮૭૯૮ ૩૪૯૯૩
મો. : ૯૮૨૫૦ ૫૧૨૫૬

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

